ISSN No: 2455-734X (E-Journal)
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila
College, Gandhinagar, Gujarat, India

# પ્રેમાનંદ કૃત *અભિમન્યુ-આખ્યાન* : કૃષ્ણનીતિનું કાવ્ય વિશેષ

## ધ્વનિલ પારેખ

**ટૂંકસાર**

*પ્રેમાનંદ કૃત અભિમન્યુ આખ્યાનની અહીં વિગતે ચર્ચા કરવામાં આવી છે. આ કાવ્ય કૃષ્ણનીતિનું કાવ્ય શા માટે છે એની અહીં ઉદાહરણ સાથે ચર્ચા કરી છે. કવિ તરીકે શા માટે પ્રેમાનંદ ભારતીય કવિ છે એની અન્ય ભારતીય સંદર્ભો સાથે વાત કરી છે. ચક્રવ્યૂહનું કથાઘટક ભારતીય લોક સાહિત્યમાં પણ કેવી રીતે પ્રયોજાયું છે અને એમાં પ્રેમાનંદ કેવી રીતે પ્રયોજે છે એ ચર્ચા અહી રજૂ થઇ છે.*

***ચાવી રૂપ શબ્દો:*** ચક્રવ્યૂહ, કૃષ્ણનીતિ

પ્રેમાનંદ કૃત *અભિમન્યુ-આખ્યાન* (શાસ્ત્રી) *મહાભારત* પર આધારિત છે. *મહાભારત*ના દ્રોણ પર્વમાં અધ્યાય ૧૪ થી ૩૫ અંતર્ગત બનતી ઘટનાઓનો આધાર અહીં જોવા મળે છે.ચક્રવ્યૂહની ઘટના એમાં કેન્દ્ર સ્થાને છે.*અભિમન્યુ-આખ્યાન* ૫૧ કડવાંમાં વિસ્તરેલું છે. સમગ્ર આખ્યાનને સ્પષ્ટપણે ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાય એમ છે. એક-અભિમન્યુના જન્મની પૂર્વ કથા, બે-અભિમન્યુનો જન્મ અને ઉત્તરા સાથે લગ્ન અને ત્રણ- ચક્રવ્યૂહમાં અભિમન્યુ વધ. પ્રેમાનંદે જે રીતે આ ત્રણે ભાગની ગૂંથણી કરી છે એમાં એની સર્જકતાનો બરાબર પરિચય થાય છે. ત્રણે ભાગ વિશે હવે જરા વિગતે જોઈએ:

અભિમન્યુના જન્મની પૂર્વકથા ૧ થી ૨૦ કડવાંમાં જોવા મળે છે. *મહાભારત*માં અભિમન્યુના જન્મની પૂર્વકથા જોવા મળતી નથી. પ્રેમાનંદે એ માટે લોકસાહિત્યનો આધાર લીધો છે અને અહિલોચન રાક્ષસની કથાનો પ્રક્ષેપ કર્યો છે. યુદ્ધમાં અભિમન્યુ જે રીતે પરાક્રમ બતાવે છે એથી કૌરવોને ચિંતા થાય છે અને આચાર્ય દ્રોણ તેરમા દિવસે ચક્રવ્યૂહની રચના કરે છે. પહેલા કડવાંમાં જ પ્રેમાનંદ સંકેત આપતી આવી પક્તિઓ મૂકે છે:

> *શ્રીકૃષ્ણ ગયા અર્જુનને તેડી સંશપ્તકને પાસ;*
> *ભૂધરે ભાણેજ પોતાનો કૌરવ-પે કરાવ્યો નાશ.*
> (શાસ્ત્રી ૧૦૩)

કાવ્યનું રહસ્ય અહીંથી શરૂ થાય છે. કૃષ્ણ શું કામ પોતાના ભાણેજ અભિમન્યુનો વધ કરાવે છે? કૃષ્ણને એવું કપટ કરવાની શી જરૂર ઊભી થઇ? આ પ્રશ્નના જવાબમાં અહિલોચન રાક્ષસની કથા રજૂ થઇ છે. કૃષ્ણે જેને પેટીમાં પૂર્યો હતો એ અહિલોચન રાક્ષસ

સુભદ્રાના ગર્ભમાં પ્રવેશી ગયો હતો. ગર્ભમાં રહીને જ એ કૃષ્ણ પાસે ચક્રવ્યૂહની વિદ્યા શીખ્યો હતો પણ કૃષ્ણ ચાલાક છે અને અભિમન્યુને પૂર્ણ વિદ્યા શીખવતા નથી. ગર્ભમાંથી અભિમન્યુ કહે છે:

*ત્યારે પેટ માંહેથી પુત્ર કહે છે હરિજીને હૂંકારો જી;*
*છ કોઠા શીખ્યો, મામાજી! હવે સાતમો વિસ્તારો જી.*
*અકસ્માત એવું સાંભળીને મરમ લહ્યો મોરાર જી;*
*એથી અધિક શીખવું, જો તમે નીસરો બહાર જી.*
(શાસ્ત્રી ૧૩૧)

ગર્ભમાંથી જ કૃષ્ણ ઉપર પદપ્રહાર કરનાર અભિમન્યુવધની યોજના કૃષ્ણ એણે અધૂરી વિદ્યા શીખવીને કરે છે. સામે અભિમન્યુ પણ એવો જ ઉત્તર આપે છે:

*કુંવર કહે : 'રે મામાજી ! તમે ચલાવ્યો એ પંથ,*
*કંસ મામો મારિયો ભાણેજ થઇ, ભગવંત!*
*તમો કીધું તે અમો કરવું, રાખે મૂકો વીલો;*
*અમો તે લોપું નહીં, મામા ! તમારો ચીલો.*
(શાસ્ત્રી ૧૩૩)

બીજો ભાગ ઉત્તરા સાથેનાં લગ્ન અને ચક્રવ્યૂહ પૂર્વેની કથાનો છે. અભિમન્યુએ ચક્રવ્યૂહ ભેદવાનો નિર્ણય કર્યો છે એ જાણીને સુભદ્રાને ઉત્તરાનું સ્મરણ થાય છે. દ્રૌપદી દ્વારા યુધિષ્ઠિરને કહીને ઉત્તરાને રણક્ષેત્રમાં લાવવાનું કહેવામાં આવે છે. પ્રભાત થાય એ પહેલાં ઉત્તરાને રણક્ષેત્રમાં લઇ આવે કોણ? સોમો, દેવો, ગાંગો ત્રણ રબારી તૈયારી બતાવે છે પણ રાયકો રબારી સૌથી ઝડપથી લઇ આવવાની તૈયારી કરે છે અને ઉત્તરાને લેવા જાય છે. ત્યાં ઉત્તરાને કશુંક અમંગળ ઘટવાનું છે એ સંદર્ભે દુ:સ્વપ્ન આવે છે.બીજી બાજુ જ્યાં લગી ઉત્તરા આવે નહીં ત્યાં સુધી અભિમન્યુને રણક્ષેત્રમાં જતા રોકી રાખવાની બધી યુક્તિઓ કરવામાં આવે છે. કુંતા અભિમન્યુની રક્ષા કાજે રાખડી બાંધે છે. આખરે ઉત્તરા આવે છે. પ્રેમાનંદ બહુ ઝડપથી બે જ પંક્તિમાં એમનાં મિલનની વાત કરે છે:

*પછે ઉત્તરાને અભિમન્યુએ આપ્યું ત્યાં ઋતુદાન,*
*જુગ્મ ઘડી ત્યાં રહ્યો જોદ્ધો, કરી સ્નાન સજ્યાં આયુધ.*
(શાસ્ત્રી ૧૫૪)

રાયકા રબારીની વાત કે કુંતા અભિમન્યુને રાખડી બાંધે એ બધા જ લોકસાહિત્યના અંશોનો પ્રેમાનંદ અહીં કુશળતાપૂર્વક વિનિયોગ કરે છે.

કડવું ૪૧ થી ૫૧ યુદ્ધનો ભાગ છે. અભિમન્યુને કપટથી યુદ્ધમાં હણવામાં આવે છે એ કથા ઉપરાંત અભિમન્યુના વધ માટે સૌથી વધુ નિમિત્ત બનનાર જયદ્રથવધની ઘટના સાથે આખ્યાન પૂર્ણ થાય છે.

*અભિમન્યુ-આખ્યાન* ના કેન્દ્રમાં ચક્રવ્યૂહની ઘટના ભલે હોય, એના નાયક તરીકે પણ અભિમન્યુ ભલે હોય પણ પ્રેમાનંદનું આ આખ્યાન કૃષ્ણનીતિનું કાવ્ય વિશેષ છે. સમગ્ર આખ્યાનમાં કેટકેટલે ઠેકાણે કૃષ્ણનીતિ જોવા મળે છે! આ વાત જરા વિગતે જોઈએ:

(૧) શંકર પાસેથી વરદાન મેળવીને અહિલોચન પોતાના પિતાના વધનો બદલો લેવા કૃષ્ણને મારવા દ્વારિકા જવા નીકળે છે. શંકરે વરદાનમાં પેટી આપી છે ને કહ્યું છે કે કૃષ્ણને એ પેટીમાં પૂરે તો જ જીતી શકાય એમ છે.કૃષ્ણ આ વાત જાણી ગયા છે કે

અહિલોચન પોતાને મારવા આવી રહ્યો છે. કૃષ્ણ શુક્રાચાર્ય એટલે કે રાક્ષસોના ગુરુનું રૂપ ધારણ કરે છે અને અહિલોચનને રસ્તામાં મળી સમજાવે છે:

*રખે તું જાતો દ્વારિકા ભણી, કૃષ્ણચો લેશે પેટી તું જ તણી* (શાસ્ત્રી ૧૧૩)

'કપટ વિના જીત્યાની આશા ફોક રે'માં માનનાર કૃષ્ણ અહિલોચનને જ યુક્તિપૂર્વક પેટીમાં કેદ કરે છે ને કહે છે:

*બોલ્યા હરિ: કૃષ્ણ તે હું ય ઘેલા! ગુરુ કોણે કહે છે તું ય ?*
*મેં કીધો મોટો પરપંચ, તું ને મારવાનો એ સંચ.* (શાસ્ત્રી ૧૧૭)

અહિલોચનને પૂરેલી પેટી કૃષ્ણ સુભદ્રાને આપે છે. પાછળથી એ જ અહિલોચન સુભદ્રાના ગર્ભમાં પ્રવેશે છે.

(૨) સુભદ્રાના ગર્ભમાં અહિલોચન છે અને એના વધ માટે પોતે નિમિત્ત બનશે, બનવું પડશે એ કૃષ્ણ જાણે છે પણ પોતાના માથે એ આળ ન આવે એ માટે પણ એ પોતાની નીતિ વાપરે છે. સીમંતની વિધિ વખતે દ્રૌપદીને પહેરામણી ન મળતાં એ રિસાઈ જાય છે. કૃષ્ણની ત્યારની ચતુરાઈ જુઓ:

*આજે આપ્યે તે શું થાશે? દુ:ખ વેળા પૂરજો ચીર જી;*
*સુભદ્રા ત્યમ મુને જાણો,તમે અમારા વીર જી*
*મન મનાવી વળ્યા વિઠ્ઠલ, ભાણેજને દેવડાવી શાપ જી;*
*અભિમન્યુ મૂઓ,ધૃતરાષ્ટ્ર! તે દ્રૌપદીના પ્રતાપ જી.* (શાસ્ત્રી ૧૨૮)

આમ દ્રૌપદીના માથે અભિમન્યુવધનું આળ આવે એવી યોજના કૃષ્ણ કરે છે.

(૩) અભિમન્યુને ચક્રવ્યૂહનાં છ કોઠાની જ વિદ્યા શીખવવી અને સાતમો કોઠો અધૂરો રાખવો, એમાં પણ કૃષ્ણલીલા કરતા કૃષ્ણનીતિ વધારે રહી છે.

(૪) અભિમન્યુએ ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો એટલે એની રક્ષા કાજે કુંતા અભિમન્યુને રાખડી બાંધે છે.આ પ્રક્ષેપ પણ પ્રેમાનંદે લોકસાહિત્યના આધારે કર્યો છે. કુંતાની અમરરાખડીને કારણે અભિમન્યુનો વધ કરવો અઘરું થઇ પડશે એમ જાણી કૃષ્ણ વૃદ્ધનું રૂપ લઇને અભિમન્યુને મળે છે ને કહે છે:

*હાથ ઝાલીને હરજી કહે છે:' ક્યાં જાઓ છો બળિયા જી ?*
*આ દોરડીઓ કોણે બાંધી? શું આવી તાવની ઝરેળી જી ?* (શાસ્ત્રી ૧૪૯)

પ્રેમાનંદને પોતાના સમાજનો પરિચય છે, એનો ખ્યાલ પણ આ પંક્તિઓમાંથી આવે છે. તાવ આવે ત્યારે દોરાધાગા કરનારો આ સમાજ છે. અભિમન્યુ જવાબ આપે છે:

*હું જાઉં છું ચક્રવ્યૂહ લેવા, કુંતાએ બાંધી રક્ષાય જી* (શાસ્ત્રી ૧૪૯)

વૃદ્ધવેશે આવેલા કૃષ્ણ હવે મહેણાં-ટોણાં મારીને અભિમન્યુનો તેજોભંગ કરે છે-

*પિતા તાહારે ત્રણે લોકને એક ધનુશે ધંધોળ્યું જી,*
*તે અર્જુનનું નામ, અભિમનિયા! આજથી તે બોળ્યું જી.*
*મચ્છવેધ ને ખાંડવદહને જ્યારે જીત્યા ત્રિપુરારયજી,*

*તે વેળા નહોતી બંધાવી અર્જુને એ રક્ષાય જી.* (શાસ્ત્રી ૧૫૦)

'અભિમનિયા' જેવાં સંબોધન દ્વારા પણ કૃષ્ણ તેજોભંગ કરે છે. કૃષ્ણ ત્યાં સુધી કહે છે કે તું જીતશે તો તારું નામ નહીં પણ ડોશી કુંતાનું નામ થશે કે એની અમરરાખડીને કારણે અભિમન્યુનો વિજય થયો.

આમાં તારું પરાક્રમ ક્યાં?
*એવું સાંભળી સૌભદ્રેએ તોડી નાખ્યો તંત જી.* (શાસ્ત્રી ૧૫૦)

કૃષ્ણ કપટ કરીને અભિમન્યુને કુંતાની અમરરાખડીથી દૂર કરે છે.

(૫) ચક્રવ્યૂહની ભીતર પ્રવેશેલો અભિમન્યુ જે રીતે પરાક્રમ બતાવે છે એ જોતા કૃષ્ણને વળી ચિંતા થાય છે. દ્રોણ સહિત યોદ્ધાઓને અભિમન્યુ જીતવો મુશ્કેલ લાગે છે ત્યારે કૃષ્ણ ફરી એક વાર નીતિ પ્રયોજે છે:

*દ્રોણ કહે : અભિમન્યુ નવ મરે, જીતવાની આશા ફોક.*
*પડ્યાં બાણ વિણ્યા મહાવીરે, મુખે કીધો હોકાર;*
*'રખે ભાણેજ નવ મરે!' એમ શ્રીકૃષ્ણે કર્યો વિચાર*
*કપટ કરીને કૃષ્ણ આવ્યા રૂપ ઉંદરનું ધરી,*
*અભિમન્યુના ધનુષ કેરી પ્રત્યંચા પોતે કાતરી.* (શાસ્ત્રી ૧૭૭)

-અભિમન્યુનું ધનુષ તૂટ્યું છે જાણીને કૌરવો એના પર તૂટી પડે છે અને એનો વધ કરે છે.અભિમન્યુનો વધ કરાવવામાં આમ કૃષ્ણનીતિ સફળ થાય છે.

(૬) અભિમન્યુવધ આગળ કૃષ્ણનીતિ અટકતી નથી એ જયદ્રથવધ સુધી વિસ્તરે છે. સૂર્યાસ્તવધ પૂર્વે જયદ્રથવધ પ્રતિજ્ઞા અર્જુન કરે છે. એ વખતે કૃષ્ણ કપટથી પોતાના સુદર્શન વડે સૂર્યને ઢાંકી દે છે. સૂર્યાસ્ત થયો છે જાણીને કૌરવો હરખાઈ છે અને:

*કૌરવે અનરથ કીધો જે જયદ્રથ કાઢ્યો બહાર*
*એવે અંતરિક્ષમાંથી શ્રીકૃષ્ણ સુદર્શન અળગું કીધું;*
*અર્જુનને ત્યાં સાન કીધી, ધનુષ પાછું લીધું.*
*કાલચંદ્ર એક બાણ મૂક્યું અંતર આણી રીસ;*
*કુંડળ-મુગટ સહિત છેદ્યું જયદ્રથ કેરું શીશ.*
(શાસ્ત્રી ૧૮૨)

આમ, સમગ્ર આખ્યાનમાં છએક પ્રસંગોએ કૃષ્ણ-નીતિ-લીલા-કપટ વિસ્તરેલાં જોવા મળે છે અને એથી એ કૃષ્ણનીતિનું કાવ્ય વિશેષ લાગે છે.

*મહાભારત* ના જાણીતા કથાનક પર આધારિત *અભિમન્યુ-આખ્યાન* ને અન્ય ભારતીય સાહિત્યિક સંદર્ભો સાથે પણ જોવા જેવું છે. એ સંદર્ભે રતન થીયમ લિખિત-દિગ્દર્શિત *ચક્રવ્યૂહ* વિશેષ યાદ આવે. *અભિમન્યુ -આખ્યાન* અને *ચક્રવ્યૂહ* ના ઘણા પ્રસંગોમાં સામ્ય જોવા મળે છે. જેમ કે-

શ્રી કૃષ્ણ ગયા અર્જુનને તેડી સંશપ્તકને પાસ,
ભૂધરે ભાણેજ પોતાનો કૌરવ પેં કરાવ્યો નાશ
(શાસ્ત્રી ૧૦૩)

*અભિમન્યુ-આખ્યાન* ના પ્રારંભની આ પંક્તિઓ સાંકેતિક છે. *ચક્રવ્યૂહ* માં આ સંકેત શકુનિ કરે છે. શકુનિનો સંવાદ છે:

*O Keshava, I can understand your drama of the ego.* (Thiyam 43)

ગર્ભમાં રહીને વિદ્યા શીખવાનો પ્રસંગ પણ એકદમ નાટ્યાત્મક રીતે બંને કૃતિમાં રજૂ થયો છે. *ચક્રવ્યૂહ*માં અભિમન્યુને આવતું અપ્સરાઓનું સ્વપ્નદૃશ્ય રજૂ થયું છે. અભિમન્યુ જાળમાં ફસાવાનો છે એનો સંકેત આ સ્વપ્નદૃશ્યમાંથી મળે છે. *અભિમન્યુ-આખ્યાન*માં આ દુ:સ્વપ્ન ઉત્તરાને આવે છે. વલ્લભ વ્યાસ રચિત *મહાભારત* માં પણ અભિમન્યુ ચક્રવ્યૂહની વિદ્યા ગર્ભમાં રહીને શીખ્યો હતો એ સંદર્ભ મળે છે. અભિમન્યુ ગર્ભમાં રહીને વિદ્યા શીખ્યો હતો એ વાત *અભિમન્યુ-આખ્યાન* સંદર્ભે અગત્યની છે. એ અધૂરી વિદ્યા શીખ્યો હતો અને એથી એનો ચક્રવ્યૂહમાં વધ થયો હતો.આ વાત ભારતીય લોકસાહિત્યમાં ઘણે ઠેકાણે જોવા મળે છે. ગઢવાલ પ્રદેશના એક લોકગીતમાં પણ આ સંદર્ભ મળે છે:

*છૈ દ્વારો કી કથા મૈને માં કા પેટ સે સુણયાલે*
*જબ માતા સુભદ્રા નૈ લગી છૈ પેટ કી વેદ,*
*અર્જુન ન લગે છઈ છૈ દ્વારો કી કથા-*
*ચક્રવ્યૂહ તોડન ફૂ જાંદો છં વાલોં ઘડ્યાલ*
*વીરતા સે દૂર રૈને પાપી કૌરવ*
*ચાલો કરીક તું મારયાલે વાલો અભેમન્યુ*

- *પિતાજી, હું ચક્રવ્યૂહ ભેદવાની કલા જાણું છું. જયારે મને પ્રસવ પીડા થઇ હતી, ત્યારે પિતાજી (અર્જુન) એ છ દ્વાર ભેદવાની કળા સંભળાવી હતી. સાતમો દ્વાર હું જાતે તોડી લઈશ. શરત પ્રમાણે ચક્રવ્યૂહ તોડવો આવશ્યક હતો. એ ત્યાં બહાદુરીથી લડ્યો. એણે છ દ્વાર તોડી નાખ્યા. અંતિમ દ્વાર પર છળથી કૌરવોએ એને મારી નાખ્યો.* શ્રીકૃષ્ણ કે અર્જુને અભિમન્યુને ચક્રવ્યૂહની કળા શીખવી હતી તો કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને પણ એણે યુદ્ધકળા શીખવી હતી. એણે કારણે અભિમન્યુ નાની વયમાં 'રથયૂથપયૂથપ' રથના યૂથપતિઓનો યૂથપતિ, મહાસેનાધિપતિ થયો હતો. (Singh 107) રતન થીયમે શક્ય છે કે ગઢવાલ પ્રદેશના લોકગીતનો સહારો પોતાના નાટક *ચક્રવ્યૂહ* માટે લીધો હોય. *અભિમન્યુ આખ્યાન* હોય કે *ચક્રવ્યૂહ,* પ્રેમાનંદ હોય કે રતન થીયમ પોતાના પ્રદેશના લોકસાહિત્યનો આધાર લઈને આ બંને સર્જકો *મહાભારત* ના કથાવસ્તુને રસપ્રદ બનાવે છે.

*અભિમન્યુ-આખ્યાન* ઉપરાંત પ્રેમાનંદનાં અન્ય આખ્યાનોમાંથી પસાર થતા પ્રેમાનંદ જે કેટલીક બાબતોનું પુનરાવર્તન કરે છે એ ધ્યાનમાં આવે છે. *અભિમન્યુ -આખ્યાન* નો કથાપ્રવાહ વેગવંતો છે પણ ક્યાંક પ્રેમાનંદ એણે અવરોધે પણ છે. સુભદ્રાના સીમંત પ્રસંગ વખતે ભીમ પહેરામણીની યાદી લખાવા બેસે છે. આ યાદી *કુંવરબાઈનું મામેરું* ની યાદ અપાવે છે. *મામેરા*માં પહેરામણીની યાદી વડસાસુ લખાવે છે. આ બંને આખ્યાનોમાં આ શૈલી સમાન છે. *કુંવરબાઈનું મામેરું*માં બધાંને પહેરામણીની ભેટ-સોગાદો આપવામાં આવે છે અને એમાં નણંદનું બાળક રહી જાય છે. નણંદ એટલે છણકો કરે છે, રીસાઈ જાય છે. *મામેરા*માં નરસિંહ કૃષ્ણની મદદ માગે છે અને ભૂતકાળમાં ભગવાને કયા કયા ભક્તો પર કેવી કેવી મહેર કરી હતી એની યાદી રજૂ કરે છે. *અભિમન્યુ -આખ્યાન* માં અહિલોચન રાક્ષસ પેટીમાં પુરાયા પછી વિનવણી કરે છે અને મદદ કરવા કહે છે. અહિલોચન રાક્ષસ પણ ભક્તોની અને કૃષ્ણના પરાક્રમની યાદી રજૂ કરે છે. *નળાખ્યાન* માં દમયંતી વનમાં જવા નીકળે છે ને પોતાનાં બાળકોને મામાને ત્યાં મોકલતી વખતે કેવી રીતે રહેવું-વર્તવું એ સંદર્ભે સલાહ- શિખામણ આપે છે. *અભિમન્યુ આખ્યાન* માં

ઉત્તરા સાસરે જવા એટલે કે અભિમન્યુને રણક્ષેત્રમા મળવા નીકળે છે ત્યારે માતા સુદેષ્ણા સલાહ-શિખામણ આપે છે. આમ ઘણી બાબતોમાં પુનરાવર્તન જોવા મળે છે.

અંતે, પ્રેમાનંદની કાવ્યકળાનો પરિચય કરાવતી પંક્તિઓ નોંધીને મારી વાત પૂરી કરીશ. અભિમન્યુ ચક્રવ્યૂહ ભેદવાનો છે, એનો સંકેત ઉત્તરાને એક દુ:સ્વપ્ન દ્વારા થાય છે. સ્વપ્ન જોયા પછી ઉત્તરા માતા આગળ જે વલોપાત કરે છે, એમાં પ્રેમાનંદનું કવિકર્મ દેખાય છે:

*જોબનિયું મારૂં એળે ગયું, જેમ વગડામાનું બોર રે*
*અતિ આદરે ઉછેરીએ પાણી સીંચી વેલી રે*
*કળી પ્રગટી પુષ્પની ત્યારે ભોગી ચાલ્યો મેલી રે* (શાસ્ત્રી ૧૪૪)

દૃષ્ટાંત દ્વારા વાતને અસરકારક રીતે રજૂ કરવાની કળા પ્રેમાનંદને સિદ્ધ છે, આ પંક્તિઓથી પણ એ જ વાતની પ્રતીતિ થાય છે.

## REFERENCES

1. શાસ્ત્રી, કે. કા., શિવલાલ જેસલપુરા. *પ્રેમાનંદની કાવ્યકૃતિઓ* ૧૯૯૮ (બી.આ.) અમદાવાદ: સાહિત્ય સંશોધન પ્રકાશન
2. Singh, K.S. (ed.) *The Mahabharat in the tribal and folk traditions of India*
3. Thiyam, Ratan. Pretext and Performing text by Kavita Nagpal. *Chkrvyh.* 1998.
4. Calcutta : Segul Books

**Author's Profile:**

**Dhwanil Parekh**, Ph. D. Assistant Professor. Gujarat Vidyapeeth, Sadra Campus, Sadra. Gujarat